# સાબરકાંઠા જિલ્લો વેપારની મંદીમાં

## કાપડ, સોનાચાંદી, લગ્ન કંકોતરી અને બુટ-ચંપલના વેપારીઓ નવરા પડ્યા

લગ્ન સિઝન ચાલુ છે ત્યારે હિંમતનગરનુ ભરચક્ક બજાર હાલ ખાલીખમ દેખાઈ રહ્યુ છે.નથી બજારમાં કોઈ ગ્રાહકો તો વેપારીઓ પણ પોતાની દુકાનમાં બેસી રહ્યા છે તો સોની બજારમાં પણ હાલ મંદીનો માહોલ દેખાઈ રહ્યો છે.જીલ્લામાં પણ અસર વર્તાઈ છે.

હાલમાં લગ્ન ની સીઝન ચાલી રહી છે તો સોનાના વેપારી, કાપડના વેપારી કે લગ્ન ડેકોરેશનના વેપારીઓની હાલત બની છે કફોળી... સાબરકાંઠા જીલ્લાના બજારો જાણે કે છેલ્લા પાંચ છ દીવસ થી કરફ્યુ જેવી હાલતમાં બની ગયા છે.. ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટ ચલણમાંથી પાછી ખેંચવાને લઈને વહેપારીઓ નો વહેપાર ધંધા છેલ્લા છ દીવસ થી બંધ જેવી સ્થીતીમાં મુકાઈ ગયા છે..કોઈ એકાદ બે છુટી નોટ પણ બજારમાં સ્વીકારવા માટે તૈયાર નહી હોઈ આમ લોકો એ પરેશાન થવાની નોંબત આવી છે.દુધ કે દવા ની ખરીદી કરવામાં પણ લોકો પરેશાન થઈ ચુક્યા છે તો ચાની લારી જેવી દુકાનો ચલાવનારા પણ પરેશાન થઈ ગયા છે.નોટોની પારાયણમાં વેપારીઓએ બાકીમાં પણ ચીજવસ્તુ આપવાની શરુ કરી છે.હિંમતનગર શહેરની વાત કરીએ તો રેડિમેટ અને કાપડની અંદાજે ૨૫૦ થી વધુ દુકાનો છે તો જીલ્લાની તમામ દુકાનોનો આંકડો ૧૦૦૦ થી પણ વધુ છે અને તમામ વેપારીઓને હાલ નળી રહી છે મંદી.હાલમાં કાપડ અને રેડિમેટના વેપારમાં ૪૦ થી ૫૦ ટકાનો ઘટાડો થયો છે.આ અંગે લગ્નનો સરસામાન વેચનાર વેપારી હિતેશ શાહે જણાવેલ કે હાલ તો બોણી પણ થતી નથી અને આવે છે ૫૦૦ કે ૧૦૦૦ નીનોટ લઈને આવે છે જે નોટો બંધ થઈ જતા હું લઈ પણ શકતો નથી.તો આ અંગે હિમતનગર કાપડ મહાજન એસોસીએસનના પ્રમુખ સતિષભાઈ દોશીએ જણાવેલ કે લગ્ન સીઝન ચાલે છે પરંતુ વેપાર ૫૦ ટકા થઈ ગયો છે ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થવાનો લઈને ધંધામાં મોટી મંદી જોવા મળી છે અને જેને લઈને ગ્રાહકોમાં પણ ઘટાડો થયો છે અને શહેરના માર્ગો પણ ખાલી ખાલી રહે છે.હિંમતનગર શહેરનુ આ બજાર પહેલા લોકોથી ઉભરાઈ આવતુ હતુ અને અહિ ઉભુ રહેવાની પણ જગ્યા નતી હોતો.પરંતુ હાલમાં તો અહિ છુટા ઠવાયા લોકો જ જોવા મળે છે બજારો ખાલી ખમ જોવા મળી રહ્યા છે. બજારમાં જોઈએ તો ચા, કપડા, સોના, કંકોત્રી જેવા હોલ સેલ અને છુટક વેપારીઓની હાલત કફોડી બની છે તો સામે લગ્ન સિઝન હોવાથી પણ લોકો ખરીદી કરી શકતા નથી અને વધુમાં ૧૦૦૦ અને ૫૦૦ની નોટ બંધ થતા વેપારીઓ નોટ સ્વીકારતા નથી કારણ કે એ નોટ સ્વીકારે તો આગળ કોઈ લેતુ નથી જેને લઈ હાલ તો કપરી પરિસ્થિતિ નુ નિર્માણ થયુ.જ્યા જુવો ત્યા નોટ ની પારાયણ ઉભી થઈ ગઈ છે અને લોકોની મુશ્કેલીઓ નો પણ વધારો થયો છે.

હિંમતનગર શહેરમાં સોના ચાંદીના દાગીનાની ૧૭૦ થી વધુ દુકાનો છે અને જેમાં ૧૦ થી વધુ નાના મોટા સો રુમ પણ છે પરંતુ હાલની પરિસ્થિતિ કંઈક અલગ જ છે.બજારમાં નથી જોવા મળતા કોઈ ગ્રાહક અને જેને લઈને વેપારીઓએ પણ તેમનીદુકાનમાં કામ કરતા લોકોને છુટા કરવાની ફરજ પડી છે.સોનાચાંદીમાં તો સંપુર્ણ પણે મંદી જ જોવા મળે છે અને લોકો પણ ખરીદી કર્યા વગર પ્રસંગો કરી રહ્યા છે તેવુ વેપારીઓ જણાવી રહ્યા છે. આ અંગે સોની એસોસીએસન હિમતનગરના પ્રમુખ અંબાલાલ સોનીએ જણાવેલ કે લગ્ન સિઝન ચાલુ છે અને કોઈ ખરીદી કરવા આવતુ નથી પરંતુ લગ્ન સીઝન હોવા છતા પણ મંદી સર્જાઈ છે બજારો ખાલીખમ થઈ ગયા છે.હતો તો તમામ લોકોએ એક જ રાહ જોઈ રહ્યા છે કે ક્યારે ફરીથી બજારો ધમધમે અને આ નોટોની માયાજાળમાં લોકો ક્યારે મુક્ત થાય.વેપારીઓને પણ લાગી રહ્યુ છે કે હજુ પણ આજ પરિસ્થિતિ રહેશે તો લોકોની મુશ્કેલીઓમાં પણ વધારો થવાની શક્યતાઓ છે... હવે ક્યારે લોકો પાસે નવી નોટ આવે અને ક્યારે ફરીથી ખરીદી કરે તેની પણ વેપારી થી લઈ છુટક વેપારીઓ રાહ જોઈ રહ્યા છે.

કંકોતરીનું છાપકામ કરતા બિલાલભાઈ જણાવે છે કે લગ્ન સિઝન હોવા છતા પણ કોઈ આવતુ નથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ થતા કંકોતરીના ધંધામાં પણ મંદી જોવા મળી છે રેડીમેડ કપડા વેચનાર ભરતભાઈએ જણાવે કે લગ્ન સિઝન ચાલી રહી છે પરંતુ મંદી ચાલી છે વેપારી જોડે પણ પૈસા નથી ૫૦૦ અને ૧૦૦૦ની નોટ પણ બંધ છે અમે બધા માણસો ને પણ છુટા કરી દીધા છે કારણે કે પૈસા નથી બેંકમાં થી ઓછા પૈસા મળે છે જે નવો માલ ખરીદી શકતા નથી.આ અંગે સોના ચાંદીના દાગીના વેચનાર રાજુભાઈ સોનીએ જણાવેલ કે લગ્ન સિઝન ચાલુ છે અને કોઈ ખરીદી કરવા આવતુ નથી અમારો વ્યાપાર ૫૦૦ અને ૧૦૦૦ની નોટને લઈને ચાલતો હોય છે પરંતુ લગ્ન સિઝન હોવા છતા પણ મંદી સર્જાઈ છે બુટ ચંપલ વેચનાર વાસુભાઈએ જણાવેલ કે બહુ જ મંદી ચાલી રહી છે ૫૦૦ ૧૦૦૦ની નોટ બંધ થઈ ગઈ છે લોકો ૫૦૦ અને ૧૦૦૦ની નોટ લઈને આવે છે અને ૫ દિવસથી વેપાર ઓછો થઈ ગયો છે કોઈ ૧૦૦૦ કે ૨૦૦૦ ની નોટ લઈને આવે છે અને વેપાર ન થતા છુટા પણ આપી શકતા નથી.

# કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

### પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીથી માંડી તમામ ખાતાના અધિકારીઓ ખડેપગે : પ્રજાના પ્રશ્નોનું કર્યું નિરાકરણ

કાંકરેજ, તા. ૧૬

કાંકરેજ તાલુકાના ખીમાણા ગામે સેવા સેતુ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના સહિયારા પ્રયાસથી લોકોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. ખીમાણા હાઈસ્કૂલના પટાંગણમાં સેવા સેતુ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરી ખુલ્લો મુકાયો હતો. આ પ્રસંગે કિર્તીસિંહ વાઘેલા (મહામંત્રી કિસાન મોરચો ગુજરાત પ્રદેશ), મફાજી સોલંકી, ડાહ્યાભાઈ પિલીયાતર, અણુદુભા ડાભી, રમેશભાઈ પટેલ, ડૉ. ભેદરૂ, મામલતદાર આર.ટી. કટારા, તા.વિ.અ. પટેલ, પીએસઆઈ મકવાણા તેમજ પાણી પુરવઠા અને માર્ગ મકાન વિભાગના ના.કા.પા. ઈજનેરો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લોકોને રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ, ૭/૧૨, મેડિકલ ચેકઅપ, કિટ વિતરણ, યુજીવીસીએલ દ્વારા બલ્બ ઉજાલાનું વેચાણ સહિત અન્ય સુવિધાઓ તદ્દન મફત આપવામાં આવી હતી. બપોર સુધી ૬૫૦ જેટલા લાભાર્થીઓએ તમામ યોજનાનો લાભ લીધો હતો અને તા.પં. પ્રમુખ દ્વારા મમતા કાર્ડ વિતરણ કરાયું હતું.

મામલતદારે અનાથ બાળકને ૧૦ કિ. ઘઉંની કિટ આપી હતી. આમ કાંકરેજના ખીમાણમાં સેવાસેતુમાં ૨૫૦ ગામોના લોકોએ લાભ લીધો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકો આ કાર્યક્રમમાં જોડાયા હતા. આભારવિધિ બાબુભાઈ જોષી નાયબ મામલતદારે કરી હતી.




### મહેસાણા જિલ્લામાં દીન દયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનો પ્રારંભ

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના કુંડાળ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સંસદિય સચિવ રણછોડભાઈ દેસાઈએ પ્રધાનમંત્રી જનઔષધી સ્ટોર (દિન દયાળ)નું લોકાર્પણ કર્યુ હતુ. દર્દીઓને સસ્તા દરે દવા મળે અને તે દવાઓ દર્દીઓ માટે અસરકારક નીવડે તે માટે રાજ્ય સરકાર દ્વારા દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોરનું રાજ્યભરમાં પ્રારંભ કરાયો છે. રાજ્યભરમાં કુલ ૫૨ જગ્યાએ આ જેનરીક દવાનો સ્ટોર ખુલ્લો મુકવાનો છે. જેમાં ડાયાબિટીસ, તાવની દવા, એલર્જીની દવા, આંખ કાનની દવા, એનીમિયાની દવા, ઉધરસ, શરદી સહિત વિવિધ પ્રકારના દર્દની દવાઓ દર્દીઓને નજીવા દરે મળવાની છે. સરકારી અને ખાનગી તબીબો દવાઓના ખર્ચમાં ઘટાડો કરતી જેનેરીક દવાઓની જ ભલામણ કરવાની આદત પાડે એવો અનુરોધ કરતા રાજ્યના સંસદિય સચિવ રણછોડભાઈ દેસાઈએ કુંડાળ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અત્યંત રાહતભાવે તમામને જેનેરીક દવાઓ પુરી પાડવાની સુવિધાના રૂપમાં દીનદયાળ પ્રધાનમંત્રી, જન ઔષધ, ભંડારનો પ્રારંભ કરાવ્યો હતો.

# મેઘરજના બાંઠીવાડા ગામે ખેતરમાં વીજળીનો તાર તુટી પડતાં ખેડૂતનું મોત

મેઘરજ, તા. ૧૬

મેઘરજ તાલુકાના બાંઠીવાડાના અજુ હિરોલા વગડા ફળીના ૪૫ વર્ષીય ખેડૂત બુધવારના સવારે તેના ઘર આગળના ખેતરમાં પાણી વાળી રહ્યો હતો તે દરમિયાન ખેડૂતના ખેતરમાં થઈ પસાર થતી વીજ લાઈનનો તાર તુટીને ખેડૂત ઉપર પડતાં ખેડૂતનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી છે.

બાંઠીવાડાના અજુ હિરોલા મુવાડાના વગડા ફળીના પ્રતાપભાઈ ભલાભાઈ ડામોર ઉં.વ. ૪૫ જેઓ બુધવારના સવારે તેમના ઘર આગળના ખેતરના કૂવા પરની મોટર ચાલુ કરી પાણી વાળી રહ્યા હતા તે અરસામાં તેજ ખેતરના વચ્ચે થઈ પસાર થતી વીજ લાઈનના તાર ઉપર કબુતર બેસતા વીજ લાઈનના તાર ભેગા થતાં એક વીજ તાર તુટી પડતા ખેતરમાં પાણી વાળી રહેલ ખેડૂત પ્રતાપભાઈના ઉપર આવી પડતા પ્રતાપભાઈને જોરદાર કરંટ લાગતા તેઓ નીચે પડી ગયા હતા. જ્યાં તેમનું જોતજોતામાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નીપજ્યુ હતુ. જે ઘટનાની જાણ આજુબાજુના લોકોને થતાં ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આ ઘટનાની જાણ મૃતકના પુત્ર રાજુ પ્રતાપ ડામોરે મેઘરજ પોલીસને કરતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકનું પંચનામુ કરી મૃતદેહને મેઘરજ સરકારી દવાખાને પી.એમ. અર્થે મોકલી આપવામાં આવ્યો હતો.





### મોડાસાના સાંઈ મંદિરે દેવદિવાળી પર્વ નિમિત્તે છપ્પનભોગના અન્નકૂટના દર્શન

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા તેમજ સમગ્ર જિલ્લાના એક માત્ર સાંઈબાબાના મંદિરે દેવ દિવાળી પર્વ નિમિત્તે સમગ્ર મંદિર પરિસરની અંદર રંગબેરંગી ફુગ્ગાઓના શણગાર સજી છપ્પનભોગના અન્નકૂટ, વિશેષ પૂજા-અર્ચના અને મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોડાસા શેરડી સાઈબાબા સત્સંગ યુવક મંડળ દ્વારા યોજાયેલા અન્નકૂટના દર્શનાર્થે દેવદિવાળીના સાંજના ૬ વાગ્યાના સુમારેથી મોટી સંખ્યામાં ભક્તો અન્નકૂટના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. અતુલભાઈ જોષીના જણાવ્યા મુજબ દેવ પ્રબોધિની એકાદશીથી શરૂ થયેલા તુલસી વિવાહની સમાપ્તી પણ દેવ દિવાળીએ થાય છે.



### મેઘરજમાં બે માર્ગ અકસ્માતમાં બેના મોત

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં દિન પ્રતિદિન અકસ્માતોના બનાવો બની રહ્યા છે ત્યારે મેઘરજ તાલુકાના વલુણા ચાર રસ્તા પાસે બુધવારની સવારે ૯ વાગ્યાના અરસામાં મેઘરજથી ઝરડા તરફ જતા છકડાને કોઈ અજાણી બોલેરો ગાડીના ચાલકે ટક્કર મારતાં છકડો પલટી મારી ગયો હતો. જેમાં છકડા ચાલકનો આબાદ બચાવ થતાં કોઈ જાનહાની થઈ ન હતી. જ્યારે અજાણ્યો જીપ ચાલક પોતાની બોલેરો લઈ ભાગી છુટ્યો હતો.

જ્યારે મંગળવારની રાત્રીના સમયે રેતી ભરેલી ટ્રક વલુણા તરફ રેતી ભરી જઈ રહી હતી ત્યારે બેડઝ પાસે ટ્રકની બ્રેક ફેઈલ થઈ જતાં ટ્રક રોડની સાઈડમાં પલટી મારી જતાં સદનસીબે જાનહાની ટળી હતી. જેમાં ડ્રાઈવર અને કંડકટરનો આબાદ બચાવ થયો હતો.

## મેઘરજ પોસ્ટ ઓફિસમાં રૂપિયા બદલાવવા આવેલ ગ્રાહકો દ્વારા તોડફોડ

મેઘરજ પોષ્ટ ઓફિસમાં મંગળવારના રોજ બે વાગ્યા સુધી ગ્રાહકોએ તેમના ખાતામાં નાણાં જમા કરાવ્યા હતા અને બપોર પછી રૂપિયા બદલવા માટે પોષ્ટ ઓફિસમાં એક અલગ કાઉન્ટર ગોઠવવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ તેમજ પુરૂષોની અલગ અલગ લાઈનો કરાવવામાં આવી હતી. જેમાં વ્યક્તિગત રૂ. ૪ હજાર જુની ચલણી નોટો બદલી આપવામાં આવી હતી. જેમાં મંગળવારના રોજ રૂ. ૧૭૨૦૦૦ ગ્રાહકોને બદલી આપવામાં આવ્યા હતા અને રૂ. ૧૫૬૩૭૯૫ની પોષ્ટ ઓફિસમાં ગ્રાહકોએ ડીપોઝીટ કરાવી હતી. રૂપિયા બદલવાનું કામકાજ ચાલુ હતુ તે અરસામાં ગ્રાહકોએ લાઈનમાં આગળ આવવા માટે ધક્કા મુક્કી કરતાં ભારે હોબાળો થયો હતો. જેથી ટોળાએ પોષ્ટ ઓફિસના કાચ તોડી પોષ્ટ ઓફિસને નુકશાન પહોંચાડ્યું હતું. ત્યારે મેઘરજ પોષ્ટ ઓફિસના કર્મીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવતાં ટોળુ વિખેરાયું હતું.

# ઊંઝામાં કાયદો વ્યવસ્થા ખાડે જતા નાગરિકોમાં રોષ

ઊંઝા, તા. ૧૬

ઊંઝા નજીકના ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં પોલીસતંત્રની નિષ્ક્રિયતાને કારણે ગુનાખોરી અને અસામાજીક પ્રવૃત્તિઓનો વ્યાપ વધી જતા વિસ્તારમાં કાયદો- વ્યવસ્થાની સ્થિતિ ખાડે જતાં લોકો અસલામતિની લાગણી અનુભવી રહ્યા છે.

છેલ્લા સવા વર્ષ ઉપરાંત ઉનાવા આઉટ પોસ્ટને અપગ્રેડ કરીને સ્વતંત્ર પોલીસ સ્ટેશન કાર્યરત કરેલ છે. હાલ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં એક સબ ઈન્સ્પેક્ટર, એ.એસ.આઈ. હેડ કોન્સ. પો.કો. વગેરે મળી ૩૫ની સંખ્યામાં મહેકમ છે. તેમ છતાં પોલીસની નિષ્ક્રિયતાને કારણે છેલ્લા એક વર્ષમાં ગંભીર પ્રકારના ગુનાઓનું પ્રમાણ વધી ગયેલ છે. આ સાથે સમાજ વિરોધી બદીઓ જેવી કે દારૂ, જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થોનું વેચાણ સહિત અન્ય અસામાજીક બદીઓ અનિયંત્રણ રીતે ફુલીફાલી હોવાનો લોક પોકાર ઉઠ્યો છે. સ્થાનિક પોલીસતંત્રમાં જ કથિત ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ કથિત હપ્તાઓની લાલચે સમાજ વિરોધી બદીઓને પ્રોત્સાહન આપી રહ્યા હોવાના આક્ષેપો લોકોમાં થઈ રહ્યા છે. આવી સ્થિતિના લીધે અસામાજીક પ્રવૃત્તિઓ કોઈપણ જાતની રોકટોક વિના ધમધોકાર રીતે ચાલી રહ્યા હોવાનું ચર્ચાય છે.

સંવેદનશીલ અને યાત્રાસ્થળ એવા ઉનાવા ગામે ગામમાં તથા દરગાહ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા અંગે કોઈ ધ્યાન અપાતું નથી. રાત્રી પેટ્રોલિંગ પણ યોગ્ય રીતે થતું નથી. પોલીસની એક સહકારી ગાડી મોટાભાગે હાઈવે પર વાહનચેકિંગના નામે વાહનચાલકો પાસેથી ઉઘરાણું કરતી હોવાનું કહેવાય છે.

ગત દિવાળીના તહેવારોમાં ભર બજારમાં લાયસન્સ વગર ફટાકડાની હાટડીઓ લાગી હતી. દરગાહ વિસ્તારમાં જાહેરમાં હપ્તાનું વેચાણ તેમજ ગેરકાયદે કતલખાના ચાલી રહ્યા છે. પોલીસને પ્રજાના જાનમાલની અહી કોઈ જ પરવા નથી. પોલીસ મથકે ચાર્જમાં હોવાનું તેમજ નાગરિકોને વ્યવસ્થિત જવાબ આપતા નથી તેવી લોક ફરિયાદો ઉઠી છે.



### પાલનપુરના નિર્ઝર દવેને મળ્યો રાષ્ટ્રીય બાળ એવોર્ડ

મોરના ઈંડાને ચિતારવા ન પડે તે ઉક્તિને સાર્થક કરી છે પાલનપુરના નિર્ઝર દવે એ...!!! જી...હા, પાલનપુરના ગોબરી રોડ પર આવેલ જનકપુરી સોસાયટીમાં રહેતા અને વિદ્યામંદિર સ્કૂલમાં ધોરણ-૬માં અભ્યાસ કરતા નિર્ઝર દવેએ રાષ્ટપતિ એવોર્ડ મેળવી શેરો- શાયરી અને ફૂલોની નગરી પાલનપુરનું નામ રાષ્ટ્રીય સ્તરે ઝળકાવી પોતાના પરિવાર અને સમાજ સહિત જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે.

પાલનપુરના જનકપુરી સોસાયટીમાં રહેતા સારસ્વત દંપતી નૈનેશકુમાર દવે અને દર્શનાબેન દવેના ૧૧ વર્ષીય પુત્ર નિર્ઝર દવેએ કૃષિ ક્ષેત્રે કરેલા સંશોધન બદલ રાષ્ટ્રીય બાળ એવોર્ડ મેળવેલ છે. ૧૪મી નવેમ્બર બાળ દિનના દિવસે રાષ્ટપતિ ભવન ખાતે રાષ્ટપતિ પ્રણવ મુખરજીના હસ્તે નિર્ઝર દવેને રાષ્ટ્રીય બાળ એવોર્ડથી સન્માનિત કરાયો હતો. પુત્રએ મેળવેલ સિદ્ધિ બદલ તેના માતા-પિતા સહિતના પરિવારજનો તથા નાના રમેશભાઈ ટી. જોશી(એસ.બી.આઈ)ના પરિવારજનોએ પણ ગૌરવની લાગણી વ્યકત કરી હતી.

# તલોદમાં લગ્ન પ્રસંગે જાનૈયાઓએ બેંક એકાઉન્ટથી સામાજીક વ્યવહાર કર્યા

તલોદ, તા. ૧૬

તલોદના સલાટપુર ગામે વણજારા સમાજની ત્રણ જેટલી દિકરીઓના દેવઉઠી અગિયારશથી લગ્ન કરવામાં આવ્યા જેમાં પ્રધાનમંત્રી દ્વારા કાળાધનના કુબેરોને જડમુળથી ઉખેડી નાખવા ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો એકાએક બંધ કરી દેતા વણઝારા સમાજ જેવા અનેક વિચરતી વિમુક્ત સમાજે આવકાર્યા છે. પરંતુ સમાજમાં થતો રિતિ રિવાજ અને ચાંલ્લાની રશમથી આ નોટો કન્યા પક્ષ અને સમાજના અગ્રણીઓએ વ્યવહારમાં ચલાવવાની આનાકાનીથી કલાકો લાઈનમાં ઉભા રહેતા પણ બેંકોમાં નોટો બદલવી મુશ્કેલી પડતી હતી. જેથી સમાજમાં સૌ પ્રથમવાર આ વ્યવહાર બેંક એકાઉન્ટથી જમા કરાવવાનું નક્કી કરતા જાનૈયાઓ મુશ્કેલીમાંથી હળવાશ અને ખુશી વ્યક્ત કરાઈ હતી.

ચલણી નોટોનો સતત ત્રણ દિવસથી બેંકોમાં ભારે ધસારો જોવા મળી રહ્યો છે. કાળા બજારીયાઓ પોતાની મસ મોટી મૂડીનું રોકાણથી હેબતાઈ ગયા છે. એમાંય સરકારની આવા ઈસમો ઉપર બાજ નજરથી બચવું મુશ્કેલ બન્યુ છે. આની સાથે સાથે નાની-મોટી વિચરતી-વિમુક્ત જેવી જાતિયોમાં સગાઈ, લગ્ન, મામેરૂ તેમજ અન્ય પ્રકારની સિઝનો સામાજીક રિતિ-રિવાજોથી ભરપુર મોસમ ખીલી છે. ત્યારે ૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો વટાવવા ઈમાનદારો પણ આવા પ્રસંગોમાં મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા છે. પ્રસંગોમાં હાજરી આપનારા મહેમાનો કે આમંત્રીતો જુની ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ન લાવવા કે ચલાવવા મનાઈ હુકમથી ઉછી-પાછીના કરી કે કલાકો બેંકોનામાં લાંબી કતારોમાં ઉભા રહી નાણા બદલી હાજરી આપવી પડે છે. આ અંગે કેટલાક આગેવાનોએ સરકારને અનુરોધ કરતા આગવી વ્યવસ્થાની નજીવી રકમ માટે અગત્યતા આપવી જોઈએ.

લગ્નસરા જેવી ભરપુર મોસમમાં મહેમાનો મોજમઝા કરવા આવતા કેટલાક વ્યસનીઓ તલોદમાં ચાલતા વિદેશી દારૂના પીઠા પર પણ આ ચલણ અપનાવવા મનાઈ જોવા મળતા છતા પૈસે મઝા માણી ન શકાય કે વાપરી ન શકાય તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. મંડપો, દરદાગીના, ડેકોરેટર્સ, કપડા ઉદ્યોગો કે કરિયાણા મરચન્ટ જેવા અનેક લોકોનું લગ્નસરામાં જરૂરિયાત પડતા આવી ચલણી નોટોથી થતો ઈન્કારથી બુકીંગો રદબાતલ પણ થતા હોય છે. જ્યારે વધુ રકમો આપવા કે લાંબી મુદતો લઈ આવેલ કાર્ય પૂર્ણ કરવા મુશ્કેલી સર્જાય છે.